# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-08-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## સ્વતંત્રતા પર્વ ઉજવણી -દિલ્હી:

**ભારતે ગઈકાલે તેનો 80મો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું. તેમના આગમન પછી, લાલ કિલ્લા પર પ્રથમ વખત રાષ્ટ્રગીત વંદે માતરમ ગાવામાં આવ્યું.આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સાત-મુદ્દાના સુધારા માળખા સપ્ત ધારાનું અનાવરણ કર્યું, જેનો ઉદ્દેશ 2047 સુધીમાં વિકાસ ભારત બનવા તરફ ભારતની યાત્રાને ઝડપી બનાવવાનો છે. તેમણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને વિવિધ જાહેર પરીક્ષાઓ માટે વિનામૂલ્યે ઓનલાઈન કોચિંગ આપવાની જાહેરાત કરી.**

---

## સ્વતંત્રતા પર્વ ઉજવણી રાજ્ય:

**રાજ્યભરમાં ગઈકાલે સ્વાતંત્ર્ય પર્વની ઠેરઠેર ઉજવણી કરવામાં આવી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અમરેલી ખાતે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો. તેમણે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી. આ પ્રસંગે સભાને સંબોધતા કહ્યું સેમિકંડક્ટર, AI અને હરિત ઉર્જાથી લઈને સોમનાથના પુનઃનિર્માણના અનુસંધાને ગુજરાતને આધુનિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય ગણાવ્યું. તેમણે અનેક મહત્વની જાહેરાતો કરી. તેમણે ઉમેર્યું, હવે ખાનગી જમીન ખરીદીને પણ ગ્રામીણ પરિવારોને વિનામૂલ્યે પ્લોટ ફાળવણી કરાશે.**

---

## સ્વતંત્રતા પર્વ ઉજવણી-કચ્છ:

**શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી તથા કચ્છના પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ કચ્છના મુન્દ્રા શહેર ખાતે તિરંગાને સલામી આપીને ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી.સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી નિમિત્તે પ્રાસંગિક ઉદ્બોધન કરતા પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાએ  મુન્દ્રાની ધરતી પરથી ભારતની આઝાદીમાં યોગદાન આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને નમન કરતા જણાવ્યું હતું કે, અનેક સંઘર્ષો બાદ મળેલી મહામૂલી આઝાદીને જાળવવી દરેક નાગરિકની ફરજ છે.**

**કચ્છ જિલ્લાની વિકાસયાત્રાનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીને આપીને પ્રભારીમંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીના માર્ગદર્શન તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કચ્છ આજે પ્રવાસનથી લઈને ઔદ્યોગિક ક્ષેત્રે અવ્વલ બન્યું છે. વધુમાં કચ્છ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધતા વ્યક્ત કરતા નાગરિકોને કચ્છની વિકાસની યાત્રા સાથે “વિકસિત ગુજરાતથી વિકસિત ભારત” બનાવવા હાકલ કરી હતી. પ્રભારી મંત્રીએ મુન્દ્રા તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક એનાયત કર્યો હતો.**

**આ પ્રસંગે રાજ્યમંત્રીએ નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. તથા વિશિષ્ટ સેવા બદલ કર્મયોગીઓ, મહિલા અને બાળવિભાગ, વનવિભાગ, પશુપાલન તથા આરોગ્ય કર્મચારીઓ તથા રમતવીરોનું મહાનુભાવોના વરદહસ્તે મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મંત્રી અમૃતિયા સહિત મહાનુભાવોએ  ગ્રાઉન્ડ પરિસરમાં વૃક્ષારોપણ કર્યું.**

**-------------------------------------------------------------------------------------------**

## પુર્વ પ્રધાનમંત્રી વાજપેયી -પુણ્યતિથિ:

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની આજે આઠમી પુણ્યતિથિ છે. આઠ વર્ષ પહેલા 16મી ઓગસ્ટ 2018ના દિને 93 વર્ષની વયે વિદાય લીધી હતી. કચ્છ સાથે તેમનો

આત્મીયતાનો નાતો હતો. 1998 માં કંડલાનું વાવાઝોડું અને 2001ના ભૂકંપ સમયે તેમણે કુશળ નેતૃત્વ પૂરૂં પાડી પોતાની આત્મીયતાની પ્રતીતિ કરાવી હતી.

---

## ક્રિકેટ અને હોકી:

ભારત અને શ્રી લંકાની ટીમો વચ્ચેની બે ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે મજબૂત શરૂઆત કરી હતી. ગેલ ખાતેની પ્રથમ મેચમાં પ્રથમ દિવસે ભારતે બે વિકેટ ગુમાવી 288 રન કર્યા હતા. દેવદાત પડીકલ 131 રન સાથે નોટ આઉટ રહ્યા છે..

બીજી તરફ હોકી વિશ્વ કપની પ્રથમ મેચ નેધર લેન્ડ ખાતે ભારતીય પુરુષ ટીમે વેલ્સની ટીમને ત્રણ વિરુદ્ધ એક ગોલથી પરાસ્ત કરી વિજયી પ્રારંભ કર્યો. આજે 16 મી એ ભારત ની મહિલા ટીમનો પ્રથમ મુકાબલો ચીનની ટીમ સામે થશે.

---

## હવામાન:

આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા 16 અને 17 ઓગસ્ટે માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી અપાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલ રાજ્યમાં 6 હવામાન સિસ્ટમ સક્રિય છે, જેની અસરને કારણે રાજ્યમાં વરસાદી માહોલ સર્જાયો છે. 16 અને 17 ઓગસ્ટના રોજ દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન અને વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયો ન ખેડવા અને સાવચેતી રાખવા અપીલ કરાઈ છે.

દરમ્યાન કચ્છ જીલ્લામાં છુટા છવાયા ઝાંપટા વચ્ચે વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

---

# પ્રથમ સત્રાંત પરીક્ષા:

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ધો.3થી 8ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓનું સત્તાવાર સમયપત્રક જાહેર કરાયું છે.

કચ્છ સહિત રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં 17 ઓગસ્ટથી ત્રિમાસિક અને 22 ઓક્ટોબરથી 30 ઓક્ટોમ્બર દરમ્યાન પ્રથમ સત્રાંત પરીક્ષા એકસમાન ટાઈમટેબલ પ્રમાણે લેવાશે. આ વખતે શિક્ષણની ગુણવત્તા સુધારવા કસોટીમાં 30% પ્રશ્ન પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ પેટર્ન મુજબ પૂછવામાં આવશે.

---